# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ.

**પરિપત્રઃ-**

**વિષયઃ** નામદાર હાઇકોર્ટમાં દાખલ થયેલ PIL-118/2020 અંતર્ગત નામદાર હાઇકોર્ટનાં તા.૧૫/૧૨/૨૦૨૦ તથા ૨૬/૦૨/૨૦૨૧નાં દિશા સૂચન મુજબ કરવાપાત્ર કાર્યવાહી બાબત.
**સંદર્ભઃ** (૧) નામદાર હાઇકોર્ટમાં દાખલ થયેલ PIL-118/2020 અન્વયે.
(૨) કમિશ્નરશ્રી, મ્યુનિસિપાલીટી, એડમીનીસ્ટ્રેશનની કચેરી, ગાંધીનગરનાં પત્ર ક્રમાંક નં.કમિ.મ્યુની/સંકલન/વશી/૧૩૨૫/૨૦૨૧/૩૨૯૭, તા.૨૩/૦૩/૨૦૨૧ અન્વયે.

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન સરકારી/ગ્રાન્ટ ઇન એઇડ/સ્વનિર્ભર કોલેજોનાં ટ્રસ્ટીશ્રીઓ/આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોનાં વડાશ્રીઓ તેમજ યુનિવર્સિટી ડિપાર્ટમેન્ટનાં અધ્યક્ષશ્રીઓને જણાવવાનું કે, ઉક્ત સંદર્ભદર્શિત પત્ર-૧ અન્વયે નામદાર હાઇકોર્ટમાં દાખલ કરવામાં આવેલ PIL-118/2020, અન્વયે તા.૨૬/૦૨/૨૦૨૧નાં થયેલ ઓરલ ઓર્ડરમાં થયેલ નિર્દેશાનુસાર રાજ્યની તમામ કોલેજો/શૈક્ષણિક સંસ્થાઓમાં બી.યુ. પરમીશન તથા ફાયર એન.ઓ.સી.ની અધતન માહિતી તથા લીધેલ અગ્નિશામક નિવારાત્મક પગલાંની કાર્યવાહીનો રીપોર્ટ આગામી તા.૧૬/૦૪/૨૦૨૧નાં રોજ મુદ્દત નીયત કરવામાં આવેલ હોય, જેથી આગામી મુદ્દત પહેલાં ફાયર એન.ઓ.સી. તથા બી.યુ. પરમીશન બાબતે બાકી રહેલ સંસ્થા/કોલેજોએ કામગીરી પૂર્ણ કરી તા.૧૦/૦૪/૨૦૨૧ સુધીમાં કમિશ્નરશ્રી, મ્યુનિસીપાલીટી, એડમીનીસ્ટ્રેશનની કચેરી, ગાંધીનગર ખાતે મોકલવાની હોય, જેથી **તા.૦૫/૦૪/૨૦૨૧ નાં રોજ બપોરે ૪-૦૦ વાગ્યા સુધીમાં** એકેડેમિક વિભાગના ઇ-મેઇલ academicbknmu@gmail.com પર સામેલ પત્રક મુજબની માહિતી તૈયાર કરી અચૂક મોકલી આપવા વિનંતી.

**નોંધઃ- નામદાર હાઇકોર્ટ મેટર હોય, ટોચ અગ્રતા આપવા વિનંતી.**

કા.કુલસચિવ

બિડાણઃ-
ઉપરોક્ત સંદર્ભ પત્રોની નકલ.

ક્રમાંક/બીકેએનએમયુ/એકેડેમિક/૩૬૮/૨૦૨૧
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્મેન્ટ પોલીટેકનિક કેમ્પસ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ, ખડીયા, જૂનાગઢ.
તા.૦૧/૦૪/૨૦૨૧

**પ્રતિ,**
- ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ/અનુસ્નાતક કેન્દ્રોનાં વડાશ્રીઓ તથા યુનિવર્સિટી સંલગ્ન અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ તરફ....

**નકલ સાદર રવાનાઃ-**
(૧) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીનાં અંગત સચિવશ્રી.
**નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે:**
(૨) આઇ.ટી.સેલ વિભાગ (વેબસાઇટ ઉપર પ્રસિદ્ધ થવા અર્થે.)

ટોચ અગ્રતા / નામ.હાઇકોર્ટ મેટર

નં.કમિ.મ્યુની/સંકલન/વશી/૧૩૨૫ /૨૦૨૧/ ૩૨૯

કમિશ્નરશ્રી, મ્યુનિસિપાલીટી,
એડમીનીસ્ટ્રેશનની કચેરી, બ્લોક નં.૧,
ચોથો માળ, બી૧-વીંગ, કર્મયોગી ભવન,
સેક્ટર નં.૧૦/એ, ગાંધીનગર,
તા.૨૩/03/૨૦૨૧.

ઉચ્ચશિક્ષણ કમિશનરશ્રીની કચેરી ગુ.રા., ગાંધીનગર
આવક નં.: 7675
શાખા :
ક્લાર્કની સહી :
108 23/3/21

પ્રતિ,
કમિશ્નરશ્રી (ઉચ્ચ શિક્ષણ),
બીજો માળ, બ્લોક નં.૧૨,
ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર.

(મહેકમ શાખા)

વિષય:-નામદાર હાઇકોર્ટમાં દાખલ થયેલ PIL-118/2020 અંતર્ગત નામદાર હાઇકોર્ટના તા.૧૫/૧૨/૨૦૨૦ તથા તા.૨૬/૦૨/૨૦૨૧ના દિશા સૂચન મુજબ કરવાપાત્ર કાર્યવાહી બાબત.

સંદર્ભ:- નામદાર હાઇકોર્ટમાં દાખલ થયેલ PIL-118/2020 અન્વયે.

ઉપરોક્ત વિષય પરત્વે સવિનય જણાવવાનું કે, નામદાર હાઇકોર્ટમાં દાખલ કરવામાં આવેલ PIL-118/2020 અન્વયે તા.૨૬/૦૨/૨૦૨૧ના ઓરલ ઓર્ડર (નકલ સામેલ છે.) સદર ઓરલ ઓર્ડરમાં થયેલ નિર્દેશ અનુસાર રાજ્યની તમામ કોલેજ/શૈક્ષણિક સંસ્થામાં બી.યુ. પરમીશન તથા ફાયર એન.ઓ.સી. લેવી ફરજીયાત છે. સદર જાહેર હિતની અરજીની આગામી મુદત તા.૧૬/૦૪/૨૦૨૧ના રોજ નિયત થયેલ છે. આથી આગામી મુદત પહેલા સમગ્ર રાજ્યની બાકી રહેતી તમામ કોલેજ/શૈક્ષણિક સંસ્થાઓની ફાયર એન.ઓ.સી. તથા બી.યુ પરમીશન લેવા માટેની કાર્યવાહી સત્વરે પૂર્ણ કરાવવા માટે સૂચના આપવા વિનંતી છે.

નામ.હાઇકોર્ટના તા.૨૬/૦૨/૨૦૨૧ના ઓરલ ઓર્ડરના પેરેગ્રાફ નં.૨૮ને ધ્યાને લઇને નીચે મુજબની કાર્યવાહી થવા વિનંતી છે.

- ➢ રાજ્યની તમામ કોલેજ/શૈક્ષણિક સંસ્થાઓમાં આગની દુર્ઘટનાઓ નિવારવા માટે શાળાના દરેક માળ ઉપર Fire Extinguisher અથવા Sand Bucket ગોઠવેલી હોવી જોઇએ.
- ➢ કોલેજ/શૈક્ષણિક સંસ્થાના અધ્યાપકો અને બિનશૈક્ષણિક સ્ટાફ જેવાકે ક્લાર્ક, પટાવાળાઓને અગ્નિશમન સાધનોનો ઉપયોગ કરવા અંગેની જાણકારી તથા સજ્જતા કેળવે તે સુનિશ્ચિત કરવા સૂચના અપાઇ જવા વિનંતી છે.

(૧૨૩)

- કોલેજ/શૈક્ષણિક સંસ્થાઓમાં આગની દુર્ઘટના બને ત્યારે આપાતકાલીન વૈકલ્પિક રસ્તાઓ સુનિશ્ચિત કરવા તથા તે અંગેના સાઇન બોર્ડ દર્શાવવા.
- કોલેજ/શૈક્ષણિક સંસ્થાઓમાં આગની દુર્ઘટના વખતે બચાવની કામગીરી થઇ શકે તે માટે શૈક્ષણિક સંસ્થાઓમાં સમયાંતરે મોકડ્રીલનું આયોજન કરવુ અને તેના ફોટોગ્રાફ્સ તથા રીપોર્ટ અત્રેની કચેરીને મોકલી આપવા.
- રાજ્યની તમામ કોલેજ/શૈક્ષણિક સંસ્થાઓમાં ફાયર એલાર્મની વ્યવસ્થા સૂનિશ્ચિત કરવી.
- આપાતકાલીન સંજોગો માટે સંબંધિત જીલ્લા કલેક્ટરશ્રીની તાબાની ડિઝાસ્ટર મેનેજમેન્ટ શાખા, નગરપાલિકાની ફાયર બ્રિગેડ શાખા વગેરેના આપાતકાલીન સંપર્ક નંબર દરેક વ્યક્તિ સરળતાથી જોઇ શકે તેવી રીતે દર્શાવવા.

ઉપર મુજબની વ્યવસ્થા સૂનિશ્ચિત થાય તે જોવા વિનંતી છે. વધુમાં, રાજ્યની કોલેજ/શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા કરવામાં આવેલ કાર્યવાહીના અહેવાલ તથા ફોટોગ્રાફ્સ રેકર્ડ પર રાખવા તેમજ કરેલ કાર્યવાહીનો રીપોર્ટ કરવા વિનંતી છે.

નામદાર હાઇકોર્ટની આગામી મુદત તા.૧૬/૦૪/૨૦૨૧ હોઇ કોલેજ/શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા લેવામાં આવેલ બી.યુ.પરમીશન તથા ફાયર એન.ઓ.સી.ની અદ્યતન માહિતી તથા લીધેલ અગ્નિશમન નિવારાત્મક પગલાંની કાર્યવાહીનો રીપોર્ટ અત્રેની કચેરીને તા.૧૦/૦૪/૨૦૨૧ પહેલા આધાર પુરાવાસહ મોકલી આપવા વિનંતી છે. જેથી તા.૧૬/૦૪/૨૦૨૧ની મુદત પહેલા નામ.હાઇકોર્ટમાં સરકારશ્રી પક્ષે બચાવની કાર્યવાહીનો સવિગત અહેવાલ રજુ કરી શકાય. જે ધ્યાને લેવા વિનંતી છે.

બિડાણઃ- ઉપર મુજબ.

કમિશ્નર,
મ્યુનિસિપાલિટી,એડમિનિસ્ટ્રેશન,
ગુજરાત રાજય,ગાંધીનગર.

<u>નકલ રવાનાઃ-</u>

- સંયુક્ત સચિવશ્રી, (લ-૧-શાખા) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ જાણ સારૂ.

પ્રતિશ્રી,
રજીસ્ટ્રારશ્રી,
યુનિવર્સિટી તમામ.
શ્રીમાન, ઉક્ત બાબતે કાર્યવાહી કરીને અહેવાલ દીન-૦૨માં અત્રેની કચેરીને બિનચૂક મોકલી આપશો.

Deputy Director
Director of Higher Education
Block No. 12/2, Dr. J. Mehta Bhavan,
[illegible]

[illegible]

## પત્રક

| ક્રમ | કોલેજનું નામ | બિલ્ડીંગની સંખ્યા | ફાયર એન.ઓ.સી.ની લીધેલ છે ? હા/ ના | જો ના તો કરેલ કાર્યવાહીની વિગત. | બી.યુ.પરમીશન લીધેલ છે ? હા/ ના | જો ના તો કરેલ કાર્યવાહીની વિગત. | કોલેજના દરેક માળ ઉપર FIRE EXTINGUISHER અથવા SAND BUCKET છે ? હા/ ના | જો ના તો FIRE EXTINGUISHER અથવા SAND BUCKET છે કરેલ કાર્યવાહીની વિગત. | કોલેજના શૈક્ષણિક તથા બિન શૈક્ષણિક સ્ટાફના કર્મચારીઓને અગ્નિશામક સાધનોનો ઉપયોગ કરવા અંગેની જાણકારી તથા સજ્જતા કેળવે તે સુનિશ્ચિત કરવા સૂચના આપવામાં આવેલ છે હા/ ના | સંસ્થામાં આગની દુર્ઘટના બને ત્યારે આપાતકાલીન વૈકલ્પિક રસ્તાઓ સુનિશ્ચિત કરવા તથા અંગેના સાઈન બોર્ડ દર્શાવેલ છે ? હા/ ના | જો ના તો કરેલ કાર્યવાહીની વિગત. | આગની દુર્ઘટના વખતબચાવની કામગીરી થઈ શકે તે માટે સમયાંતરે મોકડ્રીલનું આયોજન કરવુ અને તેના ફોટોગ્રાફસ તથા રીપોર્ટ મોકલી આપવા. | ફાયર એલાર્મની વ્યવસ્થા સુનિશ્ચિત કરેલ છે ? હા/ ના | જો ના તો કરેલ કાર્યવાહીન વિગત. | આપાત કાલિન સંજોગો માટે સંબંધિત જિલ્લા કલેકટરશ્રીની તાબાની ડીઝાસ્ટર મેનેજમેન્ટ શાખા , નગર પાલિકાની ફાયર બ્રિગેટ શાખા વેગેરેના આપાત કાલિન સંપર્ક નંબર દરેક વ્યકિત સરળતાથી જોઈ શકે તે રીતે દર્શાવેલ છે ? હા/ ના | જો ના તો કરેલ કાર્યવાહીની વિગત. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 | 12 | 13 | 14 | 15 | 16 | 17 |
| | | | | | | | | | | | | | | | | |

નોંધ : સંસ્થામાં આપાત કાલીન સંજોગોમાં કરવામાં આવેલ કાર્યવાહીના અહેવાલ તથા ફોટોગ્રાફસ રેકર્ડ પર રાખવા તેમજ કરેલ કાર્યવાહીનો રીપોર્ટ કરવા જણાવવામાં આવે છે.